# ઉમેદવાર માટે અગત્યની સુચના

૧) આપેલ પ્રશ્નપત્રમાં કુલ ૧૦૦ પ્રશ્નો છે, જેનો ઉતરપત્રમાં જવાબ લખવાનો સમય ૬૦ મિનિટનો રહેશે.

૨)પ્રત્યેક પ્રશ્નનો ઉત્તરA,B,C,D,E પૈકી કોઈ એક છે.

૩)ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેને માટે OMR ઉત્તરપત્રકમાં વિકલ્પ E આપેલ છે.

૪) ઉમેદવાર એ બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજીયાત છે.

૫)પ્રત્યેક સાચા જવાબ દીઠ ૧ (એક) ગુણ મળવાપાત્ર થશે. મંડળ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઈનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી છે.

- જે મુજબ પ્રત્યેક ખોટા જવાબ દીઠ,ખાલી છોડેલ જવાબદીઠ, છેકછાક કરેલ હોય કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબદીઠ ૦.૨૫ ગુણ કાપવામાં આવશે, જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ (E) ઘાટું કરશે તો ૦.૨૫ ગુણ કાપવામા આવશે નહિ.
- જવાબચાવી (Answer Key) ફાઈનલ કરતી વખતે જો મંડળ દ્વારા એક પ્રશ્નના એકથી વધુ વિકલ્પો સાચા છે તેમ જાહેર કરવામાં આવે તો સાચા વિકલ્પ પૈકી કોઈપણ જવાબ માટે એક (૧) ગુણ મળવા પાત્ર થશે.

૬) ઉમેદવારે વાદળી/કાળી બોલ પોઈન્ટર પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી, બ્લેડ કે રબરથી કે અન્ય કોઈપણ રીતે કરેલ સુધારા માન્ય ગણાશે નહી.

૭) પરીક્ષા દરમિયાનઉમેદવાર પાસેથી કોઈપણ સાહિત્ય, કાપલી, મોબાઈલ ફોન, પેજર,કેલ્કયુલેટર, બ્લુટુથ સ્માર્ટવોચ કે અન્ય વિજાણું ઉપકરણો હોવાનું જણાશે. તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

૮) પરીક્ષા દરમિયાન ઉમેદવાર અંદરોઅંદર વાતચીત, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવુ કે અન્ય કોઈ ગેરરીતી કરવી તે ગેરશિસ્ત ગણાશે.

૯) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમિયાન ઉમેદવારે પરીક્ષાખંડ છોડવાની સખ્ત મનાઈ છે.

૧૦)પરીક્ષા સ્થળ સંચાકલકશ્રી દ્વારા પરીક્ષા સંદર્ભ સૂચનાઓ આપવામાં આવે તેનો ચુસ્તપણે અમલકરવાનો રહેશે.

૧૧) ખંડ નિરીક્ષકશ્રી દ્વારા પ્રશ્નપત્ર ઉત્તરપત્રની વિગતો ભરવા માટેની સૂચનાઓ આપવામાં આવે તે ધ્યાને લઈ માહિતી ભરવાની રહેશે.

૧૨) પરીક્ષા ખંડમાં ઉપસ્થિત થવા માટે આપને મોકલવામાં આવેલ કોલ લેટર કમ હાજરીપત્રક પોતાનો ફોટો ચોટાડી સાથે અચુક લાવવાનો રહેશે,અન્યથા આ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી.

૧૩) પરીક્ષામાં હાજરી આપતી વખતે ઓળખ માટે ઈલેક્શન કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ અથવા આધારકાર્ડ પૈકી કોઈપણ એક ઓળખપત્ર ની ઓરીજનલ સાથે રાખવાની રહેશે.

૧૪) નિર્ધારીત પરીક્ષા સમય કરતા ૦૧ કલાક અગાઉ આપે નિયત પરીક્ષા કેન્દ્ર ખાતે હાજર થવાનું રહેશે.

૧૫) આપ ગેરરીતી કે ગેરશિસ્ત આચરતા હશો કે આપની પાસેથી બિનઅધિકૃત પુસ્તકો, કાગળ, સાહિત્ય તથા મોબાઈલ, કેલકયુલેટર, પેનડ્રાઈવ, સી.ડી. વગેરે જેવા કોઈ પણ વિજાણું સાધનો મળી આવશે તો આપ ગેરલાયક ઠરશો, તેમજ આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે.

૧૬) પરીક્ષા શરૂ થયા પછીથી પ્રવેશ મળી શકશે નહી

૧૭) ઉમેદવારે પરીક્ષાખંડમાં મોબાઈલ લાવવાનો રહેશે નહી.

૧૮) ચેતવણી– સંસ્થા દ્વારા થઈ રહેલ આ ભરતી પ્રક્રિયામાં આપ કે આપના વતી અન્ય ત્રાહિત વ્યકિત દ્વારા સંસ્થા ઉપર અથવા સંસ્થાના અધિકારીશ્રીઓ/કર્મચારીઓ ઉપર કોઈપણ જાતની ભલામણ, લાગવગ કે દબાણ લાવવાનો પ્રયાસ કરાશે તો, તેવા ઉમેદવારને સંસ્થા દ્વારા ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરાશે.

૧૯) વિશેષ સુચના–ઉમેદવારોને લાંચ રુશ્વત/લાલચ કે છેતરપીંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દુર રહેવા સાવધાનકરવામાં આવે છે.

૨૦) પરીક્ષાનું માળખું, તારીખ અને સમય તથા અન્ય સૂચનાઓ કોલેજની વેબસાઈટ http://www.sasv.org પર મુકવામાં આવશે.

૨૧) જે–તે જગ્યાના લાયક ઉમેદવારોને કોલ લેટર RPAD દ્વારા મોકલવામાં આવશે.

પ્રમુખશ્રી

શ્રી કાંકરેજ તાલુકા કેળવણી મંડળ, થરા